# ઉંચી ટેક્સ વ્યવસ્થામાં વિશ્વાસ નથી : જેટલી



નવીદિલ્હી, તા. ૨૫

નાણામંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ એનડીએ સરકાર ઉંચા ટેક્સમાં વિશ્વાસ કરતી નથી. કારણ કે આના કારણે મૂડીરોકાણ અટકી શકે છે અને નોકરીની તકો પણ ઘટી શકે છે. જેટલીએ કહ્યું હતું કે, નોકરીની તકો ઉભી કરનાર મૂડીરોકાણ આડે અમે અડચણો ઉભી કરવા માંગતા નથી. લોકસભામાં ફાઈનાન્સ બિલ ૨૦૧૪ ઉપર ચર્ચાનો જવાબ આપતા જેટલીએ કહ્યું હતું કે, ડેપ્ટ મ્યુચ્યુઅલ ફંડ માટે નવી કરવેરા વ્યવસ્થા ૧૧મી જુલાઈથી અમલી બની ચુકી છે. પહેલી એપ્રિલ અને ૧૦મી જુલાઈ વચ્ચે કરવામાં આવેલા રિડેમ્સન ઉપર ઉંચા કરવેરા લાગૂ થશે નહીં. ફાઈનાન્સ બિલ ઉપર ચર્ચા દરમિયાન નાણામંત્રીએ શ્રેણીબદ્ધ ગુંચવણો દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, હાલમાં જ રજૂ કરવામાં આવેલા બજેટનો હેતુ વધુ આર્થિક પ્રવૃત્તિ અને ઉંચા વિકાસદરને હાંસલ કરવાની છે. ઉંચા ટેક્સના કારણે ગ્રાહકો દૂર ભાગી શકે છે. ઉંચા ટેક્સના કારણે વેપારી પ્રવૃત્તીઓને પણ પ્રોત્સાહન મળશે નહીં. ગ્રાહક લક્ષી નીતિ અપનાવવામાં આવી રહી છે. અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેટલીએ ઉમેર્યું હતું કે, તમામ પ્રકારની ગૂંચ દૂર કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. જો કે, ચર્ચા દરમિયાન જેટલીએ ઉચ્ચ કેપિટલ ગેઈન ટેક્સ લાગૂ કરવાની બજેટ દરખાસ્તનો બચાવ કર્યો હતો અને આ સુવિધાનો ઉપયોગ કોર્પોરેટ દ્વારા આરબીટ્રેજ માટે કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ ઉમેર્યું હતું કે, શ્રેણીબદ્ધ પગલા મારફતે અર્થતંત્રને ફરી પાટા ઉપર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. સભ્યો કેટલીક ગૂંચવણ દૂર કરવા માંગતા હતા. જેટલીએ બજેટ ભાષણ અંગ્રેજીમાં આપ્યું હતું જેથી દુવિધાઓ રહેલી હતી. મોડેથી ગૃહ દ્વારા સુધારાઓ સાથે ફાઈનાન્સ બિલ પસાર કરી દેવામાં આવ્યું હતું. ફાઈનાન્સ બિલમાં ડેપ્ટ મ્યુચ્યુઅલ ફંડ ઉપર ઉંચા ટેક્સ લાગૂ કરવા ઈન્કમટેક્સ એક્ટની ૨(૪૨એ)માં સુધારાની જોગવાઈ છે. આ જોગવાઈમાં હવે વધુ સુધારા થઈ રહ્યા છે. નાણામંત્રીએ સેટલમેન્ટ કમિશનના ક્ષેત્રને વધુ વિસ્તૃત બનાવીને તેમાં અન્ય કેટલાક મામલાઓને પણ ઉમેરી લીધા છે.

## કારગીલ યુદ્ધની વરસી ઉપર સાહસી જવાનોને શ્રદ્ધાંજલિ

નવી દિલ્હી, તા. ૨૫

કારગીલ યુદ્ધની ૧૫મી વરસીના દિવસે આજે ભારતીય સાહસી જવાનોની વીરાતા અને કુશળતા તેમજ દેશભક્તિની ફરી નોંધ લેવામાં આવી હતી. કારગીલ યુદ્ધ દરમિયાન દેશના ગૌરવ માટે લડતા પોતાના પ્રાણોની આહુતિ આપી દેનાર જવાનોને આજે દેશભરમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે જુદા જુદા કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું હતુ. પાકિસ્તાન સાથે વર્ષ ૧૯૯૯ના યુદ્ધ દરમિયાન સાહસનો પરિચય આપીને શહીદ થયેલા જવાનો અને અધિકારીઓને આજે યાદ કરવામાં આવ્યા હતા. સેનાના વડા બિક્રમ સિંહે વિજય દિવસના પ્રસંગે દ્રાસમાં વોર મેમોરિયલ ખાતે પહોંચીને કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને અંજલિ આપી હતી. સિંહ કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા સાહસી જવાનોના પરિવારના સભ્યો સાથે પણ વાત કરી હતી કારગીલ યુદ્ધ ભારત અને પાકિસ્તાન વચ્ચે મે અને જુલાઈ ૧૯૯૯ વચ્ચે



થયું હતુ. કાશ્મીરના કારગીલ જિલ્લા અને અંકુશ રેખા પર આ યુદ્ધ થયું હતુ. અંકુશ રેખાની ભારતીય બાજુમાં પાકિસ્તાની સૈનિકો અને કાશ્મીરી ત્રાસવાદીઓની ઘુસણખોરી અને તેમના દ્વારા ભારતીય ક્ષેત્રો પર કબજો જમાવી લેવાના કારણે આ યુદ્ધ થયું હતુ. આ યુદ્ધને ઈતિહાસમાં ઓપરેશન વિજય તરીકે પણ ગણવામાં આવે છે. યુદ્ધમા મોડેખથી ભારતીય હવાઈ દળે પણ ભૂમિકા આદા કરી હતી. જોરદાર કાર્યાવાહી બાદ ભારતે આખરે તેના તમામ વિસ્તારો પર કબજો જમાવ્યો હતો. પાકિસ્તાની સેનાના જવાનોને ખસી જવાની ફરજ પડી હતી. બે પરમાણુ સક્ષમ દેશ વચ્ચે આ યુદ્ધ થયું હતુ. વર્ષ ૧૯૯૮માં જ બન્ને દેશોએ પરમાણુ પરિક્ષણ પણ કર્યા હતા. કારગીલ ઓપરેશનમાં ભારતના પક્ષે સત્તાવાર રીતે ૫૨૬ જવાનો શહીદ થયા હતા. હાજારો જવાનો ઘાયલ થયા હતા. ઓપરેશન વિજયમાં જીત મેળવ્યા બાદ દેશમાં રાષ્ટ્રીય બજેટમાં સંરક્ષણ બજેટમાં જંગી વધારો કરવામાં આવ્યો હતો.

## એર એલ્જિયરના લાપતા વિમાનનો કાટમાળ ઉત્તરીય માલી ખાતે દેખાયો

બમાકો, તા. ૨૫

માલીના પ્રમુખ ઈબ્રાહિમ બુબાકરે આજે કહ્યું હતું કે એર એલ્જિયરના લાપતા થયેલા વિમાનનો કાટમાળ દેશના ઉત્તરીય વિસ્તારમાં દેખાયો છે. તેમને આ પ્રકારની માહિતી આપવામાં આવી છે. જો કે તેમણે કોઈ વદુ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે. સમગ્ર વિમાન દુર્ઘટનામાં ઉંડી તપાસ ચાલી રહી છે. એર અલ્જિયરનુ આ વિમાન ઉડાણ ભર્યા બાદ ૫૦ મિનિટ પછી જ લાપતા થઈ ગયું હતુ. આ એએચ ૫૦૧૭ વિમાન જેટ વિમાન હતુ. જે ઓઆગોદોગોથી અલ્જિયર્સ તરફ જઈ રહ્યું હતુ. એએચ-૫૦૭૦ જેટ વિમાનના સંદર્ભમાં શરૂઆતમાં વધુ માહિતી ન મળતા તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. છેલ્લા આઠ દિવસના ગાળામાં જ આ ત્રીજી મોટી વિમાન દુર્ઘટના છે. એક દિવસ પહેલા જ બુધવારની રાત્રે તાઈવાનમાં વિમાન તુટી પડ્યું હતું જેમાં ૫૧ લોકોના મોત થયા હતા. આ વિમાન બુર્કીના ફાસોથી અલ્જીયર્સના રૂટ પર હતું. આ વિમાનને શોધી કાઢવા માટે ફ્રાંસના બે ફાઈટર જેટ વિમાનો રવાના કરાયા હતા. આ વિમાને તેનો સંપર્ક ગુમાવી દીધો હતો. આ વિમાનમાં જે મુસાફરો હતા તેમાં ફ્રાંસના ૫૦ યાત્રીઓનો સમાવેશ થાય છે. ૨૪ બુર્કીની, આઠ લેબની, ચાર અલ્જીયર્સ અને બે લક્સેંબરના યાત્રી હતા. છ ક્રૂ મેમ્બર પણ સ્પેનથી હોવાનું જાણવા મળ્યું છે. આ વિમાને નિર્ધારીત સમય મુજબ ઉડાણ ભરી હતી. એવીએશનની વેબસાઈટમાં જણાવાયું છે કે, સ્વીફ્ટ એયરની માલિકીનું આ વિમાન ૧૮ વર્ષ જુનુ વિમાન છે. એયર અલ્જીયરમાં સૌથી મોટી વિમાન દુર્ઘટના અગાઉ ૨૦૦૩માં બની હતી. તે વખતે ઉડાણ ભર્યા બાદ વિમાન તુટી પડતા ૧૦૨ લોકોના મોત થયા હતા. આ વર્ષે ફેબ્રુઆરીમાં અલ્જીરીયન લશ્કરી પરિવહન વિમાન પૂર્વીય અલ્જેરીયામાં તૂટી પડ્યું હતું જેમાં ૭૭ લોકોના મોત થયા હતા. વિમાન દુર્ઘટનાના સંબંધમાં માહિતી હજુ સુધી જારી કરવામાં આવી નથી. સગાસંબંધીઓમા આઘાતનું મોજુ ફરી વળ્યું છે.

**સૌથી મોટી ફિલ્મ કિક રજૂ થઇ પરંતુ સલમાન નર્વસ**

## સલમાન કેસ : સુનાવણી ૨૧ ઓગસ્ટ સુધી મુલતવી કરાઈ

નવીદિલ્હી, તા. ૨૫

બોલીવુડ સ્ટાર સલમાન



ખાનના હિટ એન્ડ રન કેસમાં આજે સુનાવણી ૨૧મી ઓગસ્ટ સુધી મોકૂફ કરવામાં આવી હતી. તેની હજુ સુધીની સૌથી મોટી ફિલ્મ કિક આજે દેશભરમાં રજૂ થઈ હતી પરંતુ તે ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસને લઈને નર્વસ દેખાયો હતો. હવે આ મામલામાં ૨૧મી ઓગસ્ટના દિવસે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. સલમાનના વકીલે મુક્તિ માટેની અરજી દાખલ કરીને કહ્યું હતું કે, ૪૮ વર્ષીય સ્ટારને કોર્ટમાં ઉપસ્થિત રહેવાની કોઈ જરૂર નથી. કારણ કે આજે કોઈ સાક્ષીની જુબાની નથી. અગાઉ બે સાક્ષીઓના નિવેદનની ફાળ મળી રહી નથી. પ્રોસીક્યુશને સેશન જજને માહિતી આપી હતી કે, બે સાક્ષીઓના મૂળભૂત પોલીસ નિવેદન મળી રહ્યા નથી. અલબત્ત આ બંને સાક્ષી જુબાની આપવા માટે તૈયાર દેખાયા હતા. અભિનેતા આ કેસમાં ગંભીર આક્ષેપોનો સામનો કરી રહ્યો છે. ૧૧ સાક્ષીઓ જુબાની આપી ચુક્યા છે. સલમાનની ગાડી ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે બાંદરામાં ઝુપડપટ્ટીમાં ઘુસી ગઈ હતી જેના કારણે એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. પાંચમી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે મુંબઈની કોર્ટે આ કેસમાં ફરીથી ટ્રાયલનો આદેશ કર્યો હતો. આ કેસ હવે સેશન કોર્ટમાં ચાલી રહ્યો છે.

**એસજીપીસીનો વિવાદ વધુ ગંભીર**

## બંધારણીય કટોકટી વચ્ચે બાદલ રાજનાથને મળ્યા

**બંને પક્ષો પોતપોતાના વલણ ઉપર મક્કમ**

નવીદિલ્હી, તા. ૨૫

અલગ શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટિની રચના કરવામાં હરિયાણા સરકારના નિર્ણયને લઈને બંધારણીય કટોકટી ઉભી થઈ ગઈ છે. આને લઈને પંજાબમાં અકાળી દળની સરકાર સાથે ખેંચતાણની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. બંધારણીય કટોકટી વચ્ચે પંજાબના નાયબ મુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલ આજે ગૃહમંત્રી રાજનાથસિંહ અને નાણામંત્રી અરુણ જેટલીને મળ્યા હતા. પોતપોતાના વલણ ઉપર બંને પક્ષો મક્કમ રહેતા સમસ્યા ગંભીર બની છે. એક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં બાદલે આ મુદ્દાને બંધારણીય કટોકટી તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, હરિયાણા સરકારે ભારત સરકારની સત્તા સામે પડકાર ફેંકીને અલગ શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટિની રચના કરી છે. અલગ ગુરુદ્વારા કમિટિની રચના માટે રાજ્ય વિધાનસભામાં બિલ પસાર કરવા સામે નારાજગી તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. અમૃતસર સ્થિત શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટિના સમાંતર અલગ ગુરુદ્વારા કમિટિની રચનાની બાબત ખુબ જ ગંભીર અને વિવાદ સર્જે તેવી છે. પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે સંકેત આપ્યો છે કે, આંદોલન વધુ તીવ્ર બની શકે છે.

૨૭મી જુલાઈના દિવસે અમૃતસરમાં સુવર્ણ મંદિર સંકુલમાં એક બેઠક યોજાનાર છે જેમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. બીજી બાજુ કેન્દ્ર સરકારે પણ આની નોંધ લીધી છે. હરિયાણા શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ એક્ટ હેઠળ અલગ મેનેજમેન્ટ કમિટિની રચના કરવામાં આવી છે જે નવી કમિટિની રચના ન કરાય ત્યાં સુધી હરિયાણામાં ગુરુદ્વારાઓની બાબતોની જવાબદારી સંભાળશે અને તમામ બાબતોની નોંધ લેશે.

## એસિડ વડે હુમલો કરનાર યુવાનને મૃત્યુ દંડની સજા

મોરેના, તા. ૨૫

એક મહત્વપૂર્ણ ચુકાદામાં મધ્યપ્રદેશમાં મહિલા ઉપર એસિડ હુમલો કરનાર એક યુવાનને મૃત્યુદંડની સજા કરવામાં આવી છે. આ હુમલો કરવામાં આવ્યા બાદ મહિલાનું મોત થયું હતું. જિલ્લામાં અંબા ખાતેના એડિશનલ સેશન જજ કેસી ગુપ્તાએ ૨૮ વર્ષીય જોગિન્દર તોમરને મૃત્યુદંડની સજા ફટકારી હતી. તોમરે ગયા વર્ષે મોરેનાના પોરસા શહેરમાં તેના આવાસ ઉપર ૨૪ વર્ષીય રુબી રાવત નામની મહિલાના ચહેરા ઉપર એસિડ ફેંકી દીધું હતું. તેની સાથે રહેવાનો આ મહિલાએ ઈન્કાર કર્યા બાદ આ બનાવ બન્યો હતો. ગંભીરરીતે દાઝી ગયા બાદ મોડેથી રુબીનું મોત થયું હતું. જોગિન્દરના લગ્ન થયેલા હતા. તે ૨૧મી જુલાઈના દિવસે ગયા વર્ષે તેના ઘરે પહોંચી ગયો હતો અને ઉંઘમાં તેના ચહેરા ઉપર એસિડ ફેંકી દીધું હતું. પરિવારના કેટલાક સભ્યો ઉપર પણ એસિડ ફેંકવામાં આવ્યું હતું. તોમરની મોડેથી ધરપકડ કરાઈ હતી.

## રાજેશ ખન્નાનો બંગલો ૯૦ કરોડ રૂપિયામાં વેચાઈ ગયો

મુંબઈ, તા. ૨૫

બોલીવુડના સુપર સ્ટાર રાજેશ ખન્નાના કાર્ટરરોડ ખાતેના આવાસ અને આશીર્વાદ તરીકે જાણીતા બંગલાની



ખરીદી શહેરના એક ઉદ્યોગપતિએ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. ૯૦ કરોડ રૂપિયામાં આ બંગલાની ખરીદી કરવામાં આવી છે. રાજેશ ખન્નાના કરોડો ચાહકો માટે મુખ્ય આકર્ષક સ્થળ તરીકે આ બંગલાને ગણાતો હતો. અલકાર્ગો લોજીસ્ટીકના કારોબારી ચેરમેન શશી કીરણ શેટ્ટી દ્વારા આ બંગલાની ખરીદી કરવામાં આવી છે.

માર્કેટ સુત્રોનું કહેવું છે કે, ૬૦૩ સ્કવેરની પ્રોપર્ટીમાં સ્વર્ગસ્થ સુપર સ્ટારના પરિવારને ૯૦ કરોડ રૂપિયા મળી ગયા છે. આમાં માલિક તરીકે બે પુત્રોઓ ટ્વીંકલ અને રીંકી હતી. શેટ્ટીએ કોઈપણ ટીપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે. તેમની સોલીસીટર કંપની માણેકશાહ એન્ડ સેથનાએ પણ ખરીદારીના નામ અંગે માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે. આ સમજુતીનો થર્ડ પાર્ટી દ્વારા ઓનર્સીપના દાવા અંગે ૧૪ દિવસની નોટીસ બાદ કરવામાં આવનાર છે. રાજેશ ખન્નાના બંગલાને ખૂબ જ આદર્શ સ્થળ તરીકે ગણવામાં આવે છે. કાકા તરીકે લોકપ્રિય રાજેશ ખન્નાની જુલાઈ ૨૦૧૨માં કેંસરના કારણે મોત થયું હતું. રાજેશ ખન્નાનું વાસ્તવિક નામ જતીન ચુન્નીલાલ ખન્ના હતું. તેમના મોતના થોડાક વર્ષ પહેલા સુધી રાજેશ ખન્નાએ એવું વિચાર્યું હતું કે તેમના આવાસને મ્યુઝિયમમાં ફેરવી દેવામાં આવે. ૨૦૦૯માં રાજેશ ખન્નાએ વાતચીત દરમિયાન કહ્યું હતું કે, ભારતમાં પ્રથમ સ્ટાર મ્યુઝિયમની શરૂઆત થાય તેમ તે ઈચ્છે છે. ભારતના પ્રથમ સુપર સ્ટાર તરીકે રાજેશ ખન્ના ગણાતા હતા. રાજેશ ખન્નાએ આ બંગલાની ખરીદી બોલીવુડના અન્ય મહાન અભિનેતા રાજેન્દ્રકુમાર પાસેથી ૧૯૬૦ના દશકમાં ખરીદી કરી હતી અને ત્યારબાદ ૧૯૮૦માં આને ફરીથી બનાવ્યો હતો.

## ભારત હિન્દુ રાષ્ટ્ર : ગોવા મંત્રીના નિવેદનથી વિવાદ

પણજી, તા. ૨૫

ભાજપના વરિષ્ઠ નેતા અને ગોવાના નાયબ મુખ્યંમત્રી ફ્રાન્સિસ ડિસોઝાએ આજે કહ્યું હતું કે, ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે અને તેઓ પોતાનો ખ્રિસ્તી હિન્દુ તરીકે ગણે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવી શકે છે તેવા તેમના કેબિનેટ સાથી દિપક ધાવલીકર દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો બચાવ કરતા ડિસોઝાએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત હિન્દુ દેશ છે અને હંમેશા હિન્દુ દેશ રહેશે. ભારતમાં તમામ ભારતીયો હિન્દુ લોકો છે જેમાં તેઓ પોતે પણ સામેલ છે. આ સંદર્ભમાં કોઈ ખુલાસો કરવાની જરૂર નથી.

## સમાચાર ઝલક

- દેશમાં દર વર્ષે બે મિલીયન ટન અનાજ બગડે છે.
- જગ જીવનરામ, ચરણસિંહ અને દેવીલાલ પાસે નવી દિલ્હી નગરપાલિકાની લાખો રૂપિયાનું લેણું બાકી નીકળે છે.
- શ્રી મહેશ કનોડિયાનું છ લાખ રૂપિયાનું મેડીકલ બીલ શ્રી અનિલ અંબાણીએ ન લીધું.
- અદાણી ગ્રુપ સામે કાળા નાણાં મુદ્દે સીટ અને સી.બી.આઈ.ની તપાસ શરૂ.
- મુંબઈના ડીઆઈજી સુનિલ વારસ્કર સામે દુષ્કર્મનો આરોપ મુકતી મોડેલ.
- ભાવનગરમાં ભારે વરસાદથી સરકારી બહુમાળી કચેરી તરબોળ, મહત્વના દસ્તાવેજો પાણીમાં પલળી ગયા.
- શિલ્પા શેટ્ટીની કંપનીના ‘સતયુગ ગોલ્ડ’ના અનોખા પ્લાને હલચલ મચાવી દીધી. રૂ.૫૦માં સોનું ખરીદો.
- રાજકોટમાં માત્ર ૧૦ રૂપિયા માટે છરી ઝીંકીને હત્યા કરી.
- ઈરાકમાં કેદીઓને લઈ જતી વાન પર માનવ બોંબ.
- રાજસ્થાનમાં કુંવારા યુવકનું નસબાંધી ઓપરેશન કરવામાં આવ્યું.
- જર્મનીની યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો.
- ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો શ્રી મહેન્દ્રસિંહ ધોનીનો સંકેત.
- શ્રાવણ માસ પૂર્વે ગુજરાત ભરમાં જુગારની મોસમ પુર બહારમાં.
- વરસાદનો વિલંબ મીઠા ઉદ્યોગને ફળ્યો : મીઠા ઉત્પાદનમાં કામગીરી પૂર્ણ.
- આજથી દશામા પર્વનો પ્રારંભ અનેક વ્રતોની શરૂઆત થશે.
- રવિવારે ૧૩ વર્ષે આવતો વિજય સમૃદ્ધિયોગ.

## શ્રદ્ધાની એક વિલન હિટ થયા બાદ હૈદર ઉપર નજર કેન્દ્રિત

મુંબઈ, તા. ૨૫

આંશિકી -૨ ફિલ્મ મારફતે લોકપ્રિય થયેલી અભિનેત્રી શ્રદ્ધા કપુર હાલમાં ખુબ ખુશ દેખાઈ રહી છે. તેની એક વિલન ફિલ્મને બોક્સ ઓફિસ પર શાનદાર સફળતા મળી ચુકી છે. આ ફિલ્મમાં તેની સાથે રિતેશ દેશમુખ અને સિદ્ધાર્થ મલહોત્રાની મુખ્ય ભૂમિકા હતી. એક વિલનને સફળતા મળ્યા બાદ તે હૈદર ફિલ્મને લઈને આશાવાદી છે. વિતેલા વર્ષોના વિલન શક્તિકપુરની પુત્રી અને અભિનેત્રી શ્રદ્ધા કપુર ખુબ વ્યસ્ત બની ગઈ છે. તે હાલમાં શાહિદ કપુરની સાથે પોતાની ફિલ્મ હેદરના શુટિંગમાં વ્યસ્ત છે. વ્યસ્ત કાર્યક્રમ હોવા છતાં તે સમય કાઢીને પોતાના



મિત્રોને ચોક્કસપણે મળે છે. બોસ્ટનમાં તેના ખુબ મિત્રો છે. નવા કલાકારો પણ તેની સાથે વાતચીત કરવા માટે ઉત્સુક છે. આંશિકી ફિલ્મ રજૂ થયા બાદ આ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી. આ ફિલ્મના ગીતો પણ અગાઉની આાંશિકીની જેમ જ સુપરહિટ સાબિત થયા હતા. આ ફિલ્મ ને સફળતા મળ્યા બાદ શ્રદ્ધાને નવી નવી ફિલ્મો હાથ લાગવા લાગી હતી. હાલમાં તેની પાસે કેસે કેટલીક ફિલ્મો છે. શાહિદ કપુર જેવા સિનિયર કલાકાર સાથે તે નજરે પડનાર છે. શ્રદ્ધાના પ્રવકતાએ કહ્યું છે કે તે હાલમાં ખુબ વ્યસ્ત છે. તેની આવનારી ફિલ્મોને લઈને તે આશાવાદી પણ છે. જો કે તેના ટિકાકારો માને છે કે તે કોઈ ટોચની અભિનેત્રી બનવાના ગુણ ધરાવતી નથી. ત ટોચની અભિનેત્રીમાં સ્થાન મેળવી શકશે નહી.

### શિક્ષણધર્મ (પાના નં. ૪ નું ચાલુ)

જેમ ધર્મ અને સંપ્રદાયના સાચા સ્વરૂપને ન સમજવાથી સમાજમાં અરાજકતા ઉત્પન્ન થાય છે તેમ શિક્ષણના સાચા સ્વરૂપને ન સમજવાની ભ્રમ, ભૌતિકતા અને ભયના સામ્રાજયમાં સમાજઘટકો લપેટાય છે અને કયારેય બહાર નીકળી જ ન શકાય એવા વમળમાં ફસાય છે.

આવું શિક્ષણ જો મુક્તિને બદલે બંધન આપતું હોય તો એના સ્વરૂપને બદલવું જ રહ્યું. સમાજના ઘણા શુભચિંતકો કામે લાગ્યા છે. સમુદ્રમંથન ચાલુ છે.

હળાહળ વિષ પછી અમૃત જરૂર પ્રગટશે એવી આશા છે.

ચાલો -

પુસ્તકની સાથે સાથે પ્રકૃતિને વાંચીએ,

અભ્યાસની સાથે સાથે સ્વાધ્યાય કરીએ,

ગૃહકાર્યની સાથે સાથે સમાજકાર્ય કરીએ

અને... જીવનની પ્રત્યેક ક્ષણને શિક્ષણના માધ્યમથી શિષ્ટ અને ચેતનવંતી બનાવીએ.

## ઈઝરાયેલના હુમલામાં મોતનો આંકડો ૮૧૦થી ઉપર

ગાઝા, તા. ૨૫

ઈઝરાયેલ વિશ્વભરના દેશો દ્વારા દબાણ વધારી દેવામાં આવ્યું હોવા છતાં તેના ભીષણ હવાઈ હુમલા અને ભૂમિ કાર્યાવાહી જારી રાખી છે. આજે સવારે ગાઝામાં ઈઝરાયેલે હુમલા કર્યા હતા. જેમાં એક સગર્ભા મહિલા સહિત ચાર લોકોનો મોત થઈ ગયા હતા અને અન્ય અનેક લોકો ઘાયલ થયા હતા. ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલા હુમલામાં હવે મોતનો આંકડો વધીને ૮૧૦ ઉપર પહોંચી ગયો છે. ઘાયલોની સંખ્યા ખુબ મોટી છે. સંયુકત રાષ્ટ્ર સંઘની સુરક્ષા પરિષદની ચેતવણી છતાં ઈઝરાયેલી વિમાનો અને ટેન્કોએ ગાઝાપટ્ટી પર હુમલા યથાવત રાખ્યા છે. મિશ્રની દક્ષિણી સરહદ સાથે જોડાયેલ ગાઝાપટ્ટી વિસ્તારમાં ઈઝરાયેલી સેનાએ રોકેટ વડે હુમલા કર્યા છે. આઠમી જુલાઈથી શરૂ થયેલા આ ખુની સંગ્રામમાં મરનાર વ્યક્તિઓમાં મોટાભાગના નિર્દોષ નાગરિકો છે. હવાઈ હુમલામાં વ્યાપક નુકસાન થયું છે.

**મુંબઈ હુમલા ટ્રાયલને મોકૂફ રાખવા સામે વિરોધ**

## મુંબઈ કેસ : પાકના ડેપ્યુટી હાઈકમિશનરને બોલાવાયા

નવીદિલ્હી, તા.૨૫

ભારત પાકિસ્તાનના ડેપ્યુટી હાઈકમિશનરને હાલમાં ચાલી રહેલા મુંબઈ આતંકવાદી હુમલા કેસમાં ટ્રાયલને મોકૂફ રાખવા સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. પાકિસ્તાનના ડેપ્યુટી હાઈકમિશનર સમક્ષ વિરોધ પણ નોંધવવામાં આવ્યો હતો અને માહિતી મેળવવામાં આવી હતી. આજે વિદેશમંત્રાલયમાં તેમને બોલાવવામાં આવ્યા હતા. ભારતમાં ડેપ્યુટી હાઈકમિશનર પણ ઇસ્લામાબાદમાં પાકિસ્તાનમાં વિદેશ ઓફિસમાં પહોંચ્યા હતા અને આવી જ રીતે વિરોધ નોંધાવ્યો હતો. માહિતગાર સૂત્રોના જણાવ્યા મુજબ ભારતીય અધિકારીઓ પણ નવી દિલ્હી અને ઇસ્લામાબાદમાં પાકિસ્તાની અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. અને ટ્રાયલની પ્રગતિ અંગે નિયમિત માહિતીની માંગ કરી હતી. પાકિસ્તાનમાં ૨૬/૧૧ ટ્રાયલને સતત સાતમી વખત મોકૂફ કરી દેવામાં આવી છે. પાકિસ્તાનની આતંકવાદ વિરોધી અદાલતે સુનાવણી મોકૂફ કરી દીધી હતી. આ કેસમાં છેલ્લી સુનાવણીને લઇને પણ સસ્પેન્સની સ્થિતિ રહેલી છે. પ્રોસીક્યુશન વકીલોની ગેરહાજરીના પરિણામ સ્વરુપે નિયમિત આધાર પર કેસની કાર્યવાહી હાથ ધરી શકાય નથી. ૨૦૦૮માં દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભીષણ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો જેના લીધે પાકિસ્તાન સાથેના સંબંધો અટવાઈ પડ્યા હતા.